# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષલ પંડયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RADIO DAY ALL INDIA RADIO PROGRAM

આજે વિશ્વ રેડિયો દિવસ છે. દર વર્ષે 13 ફેબ્રુઆરીએ, લોકોમાં રેડિયોના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ રેડિયો દિવસની વિષય વસ્તુ – "રેડિયો અને આબોહવા પરિવર્તન" રાખવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ રેડિયો દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, સમાચાર અને સંસ્કૃતિથી લઈને સંગીત અને વાર્તા કહેવા સુધી, રેડિયો એક શક્તિશાળી માધ્યમ છે જે સર્જનાત્મકતા સાથે જોડાયેલું છે.

તેમણે રેડિયો સાથે સંકળાયેલા તમામ લોકોની પણ પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ આ મહિનાની 23મી તારીખે રેડિયો ઉપરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમ માટે પોતાના સૂચનો મોકલવા માટે દેશવાસીઓને આમંત્રણ આપ્યું હતું.

વિશ્વ રેડિયો દિવસ પ્રસંગે આજે આકાશવાણી અમદાવાદ ખાતે એક દિવસીય રેડિયો પ્રદર્શન અને ચિત્ર કલા સ્પર્ધા યોજવામાં આવી. પદ્મશ્રી કવિ તુષાર શુક્લએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. પ્રદર્શનમાં રેડિયા પ્રેમી સિદ્ધાર્થ પટેલનાં સંગ્રહમાંથી વર્ષો જૂના રેડિયો રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે શ્રી શુક્લએ આકાશવાણીના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. સામાન્ય નાગરીકો માટે આ પ્રદર્શન સાંજનાં છ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

આજે શાળાના વિદ્યાર્થીઓએ આકાશવાણીની મુલાકાત લઈને લાઇવ પેઇન્ટીંગ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# WORLD RADIO DAY

રાજ્યના ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના વતની માલદેભાઈ દાસાનો શાળાના દિવસો દરમિયાન શરૂ થયેલો રેડિયો પ્રત્યેનો પ્રેમ આજે પણ અકબંધ છે. વેરાવળમાં રહેતા આ રેડિયો ચાહક પાસે 350 થી પણ વધારે રેડિયોનું કલેકશન છે. તેમણે આકાશવાણી સાથે પોતાના વિચાર રજૂ કર્યા.

**(બાઈટ -- માલદેભાઇ દાસા, રેડિયા પ્રેમી )**

. . . . . . . . . . . . .

# GANDHIDHAM PALIKA LOGO

ગાંધીધામ મહાનગરપાલિકાનો પ્રથમ લોગો આજે જાહેર કરાયો છે. મનપા દ્વારા જાહેર કરાયેલા નવા લોગોમાં ‘શહેરનો વિકાસ એ દેશની શકિત’નો સંદેશ આપ્યો છે. લોગો ડિઝાઇન કરવા માટે યોજાયેલી સ્પર્ધામાં 363 લોકોએ ભાગ લીધો હતો. જેમાં રિદ્ધિ દિપ મોરબીયાએ ડિઝાઇન કરેલા લોગોની પસંદગી કરાઇ.

. . . . . . . . . . . . . .

# AMRUT MAHOTSAV-RAAJYAPAAL

શિક્ષણનો અંતિમ હેતુ રાષ્ટ્ર નિર્માણનો હોવો જોઇએ એમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા સ્થિત ડૉ. એન.જી. શાહ સાર્વજનિક હાઇસ્કૂલના અમૃત મહોત્સવનો પ્રારંભ કરાવતા રાજ્યપાલે છાત્રોને સંબોધન કરતાં સદ્વિદ્યા અને પ્રાકૃતિક કૃષિનો બોધ આપ્યો.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે કોઇ પણ વ્યક્તિનું સાચું ધન વિદ્યા અને જ્ઞાન છે જે યોગ્ય દિશામાં વાપરવાથી વૃદ્ધિ થાય છે. તેમણે મોબાઇલ ફોનના અવિવેકપૂર્ણ ઉપયોગ બાબતે ટકોર કરતાં બાળકોને અભ્યાસકાળ દરમ્યાન મોબાઈલ અને ટીવીની ભ્રામક દુનિયાથી દૂર રહેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે તેમણે વૃક્ષારોપણ કરી લોકોને પ્રાકૃતિક ખેતી અપનાવાનો અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# MUNDRA SCHOOL

રાજ્યના મુંદરામાં ટેકનિકલ તાલીમ માટેની વિશ્વની સૌથી મોટી સંપૂર્ણ શાળા સ્થાપવામાં આવશે..રાજ્યના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા માટે અદાણી ગ્રુપે હરિત ઊર્જા, ઉત્પાદન, હાઇટેક, પ્રોજેક્ટ એક્સેલન્સ અને ઔદ્યોગિક ડિઝાઇન સહિતના ઉદ્યોગોની જરૂરિયાતો પૂરી પાડવા કુશળ પ્રતિભાઓની હરોળ ઊભી કરવા માટે સિંગાપોરની આઇટીઇ એજ્યુકેશન સર્વિસિસ (ITEES) સાથે ભાગીદારી કરી છે. ઉદ્યોગ માટે સજ્જ કાર્યબળના આ પ્રતિભા પુલનું નિર્માણ કરવા માટે અદાણી પરિવાર આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્કૂલ ઓફ એક્સેલન્સની સ્થાપના માટે બે હજાર કરોડ રૂપિયાની સખાવત કરશે, જે અદાણી ગ્લોબલ સ્કિલ્સ એકેડેમી તરીકે ઓળખાશે. આ દરેક શાળાઓ ભારતમાં ટેકનિકલ અને વ્યાવસાયિક શિક્ષણની પાર્શ્વભૂમિ ધરાવતા અને તેમના ઉદ્યોગ સાથે સંલગ્ન વિદ્યાર્થીઓ અને તેમની મહત્ત્વાકાંક્ષી ભૂમિકા માટે પસંદ કરશે. આ કાર્યક્રમર હેઠળ વાર્ષિક 25 હજારથી વધુ તાલીમાર્થીઓને કુશળતાથી સજ્જ કરવાનું લક્ષ્ય છે. આ તાલીમાર્થીઓ આઇટીઈઈએસ અથવા પોલીટેકનિક્સ તરફથી વ્યાવસાયિક અને તકનીકી લાયકાત ધરાવતા નવા સ્નાતકો અને ડિપ્લોમાધારકો હશે અને શાળાઓમાં જ સઘન બૂટકેમ્પ અનુભવ માટે પસંદ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# TAPI – KALA MAHAKUMBH

કલાકારોને મંચ પૂરો પાડવા તાલુકા, જિલ્લા કક્ષામાં યોજાયેલા કલામહાકુંભ બાદ દક્ષિણ ઝોન કક્ષાનો મહાકુંભ તાપી જિલ્લામાં ચાલી રહ્યો છે. તાપી જિલ્લાની દક્ષિણા પથ શાળામાં બે દિવસ સુધી ચાલનારા કલામહાકુંભમાં નવ જિલ્લાના ચાર હજારથી વધુ કલાકારો 30 જેટલી વિવિધ કલાઓમાં ભાગ લઇ રહયા છે.

. . . . . . . . . . . . .

# Surendranagar

સુરેન્દ્રનગરના મહિલા પી. ટી. ટીચર લાછુબેન પરમારે રમત ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પાંચમી વખત સુવર્ણ ચંદ્રક જીતીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. વઢવાણની શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલય ખાતે પી.ટી ટીચર તરીકે ફરજ બજાવતા લાછુબેન પરમારે તાજેતરમાં કેરળના ત્રિશુર ખાતે યોજાયેલી છઠ્ઠી નેશનલ માસ્ટર્સ એથલેટીક્સ ચેમ્પિયનશિપ 2025 માં હેમર થ્રો ફેંક વિભાગમાં સતત પાંચમી વખત સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો જ્યારે ભાલા ફેંકમાં રજત ચંદ્રક મેળવ્યો છે. આગામી સમયમાં તેઓ તાઇવાન ખાતે યોજનારી સ્પર્ધામાં ભારતનું નેતૃત્વ કરશે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR KHEL MAHAKUMH

ભાવનગરમાં ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કામાં સૌરાષ્ટ્ર ઝોનકક્ષા ફૂટબોલ અંડર ૧૪, અંડર ૧૭, ઓપન કેટેગરીની ભાઈઓ અને બહેનોની સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો  હતો.

સરદાર પટેલ રમત સંકુલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, સીદસર રોડ ખાતે અંડર ૧૪ બહેનોની ફૂટબોલ સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જીલ્લાઓનાં બહોળી સંખ્યામાં રમતવીરોએ ભાગ લીધો હતો. 23મી ફેબ્રુઆરી સુધી આ રમતોત્સવ ચાલશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................